**જય જય વરવી ગુજરાત, લોકો લઠ્ઠામાં બરબાદ... આતંકવાદ સામે બણગા ફૂંકતા 'વાઇબ્રન્ટિયા' નેતા દારૂના ધંધાર્થીને રોકી શકતા નથી...**

# પાણીની અછત, દારૂના દરિયા ઘુઘવે !

## પાણી નથી, લઠ્ઠો પીઓ !

તંત્રીશ્રી,

ગુજરાતમાં કોંગી શાસન હોય કે ભાજપી, અરે મોદી શાસનમાં પણ એક ક્ષેત્ર એવું છે કે જેની કોઇના પરમ પૂજ્ય પિતાશ્રીની બીક નથી, આ ક્ષેત્ર એટલે નશાનું - દારૂનું ક્ષેત્ર. ગુજરાતમાં દારૂબંધી છે, પણ રાજ્યમાં ગામેગામ દેશી - વિદેશી દારૂના દરિયા ઘુઘવે છે. કડક ગણાતી નરેન્દ્ર મોદી સરકાર પણ આ બાબતે કંઇ ઉકાળી શકી નથી. તાજેતરમાં થયેલા લઠ્ઠાકાંડે સરકારની આબરૂ બાષ્પિભવન કરી દીધી છે.

ત્રાસવાદીઓ સામે લડવાના હાકલા - પડકારા કરતાં વાઇબ્રન્ટિયા નેતાઓ માખી-મચ્છર જેવા દારૂના ધંધાર્થીઓ સામે કથ્થક કરવા લાગે છે. પોલીસ તંત્ર રૂપિયા પચાવીને દારૂના રેલા ચલાવે છે એ જગજાહેર છે, પણ સરકાર ખાખી કપડાનું પણ કંઇ બગાડી શકી નથી.

ગુજરાત - સૌરાષ્ટ્રમાં હાલમાં પીવાના પાણીની અછત છે, સરકાર હજુ -સિધ્ધીના ધુબાકા લગાવવામાંથી બહાર આવતી નથી. લોકો પીવાના પાણી માટે ટળવળે છે, સરકારી તંત્રને કંઇ પડી નથી. બીજી બાજુ રાજ્યમાં ચોમેર દારૂના દરિયા ઘુઘવે છે. મોદી સરકાર પાંચ કરોડ ગુજરાતીઓનો મિજાજ પારખી નહિ શકે તો કોંગ્રેસથી પણ બદહાલત થઇ શકે છે.

- રવિ પટેલ

## લોક મેળો બંધ રાખો

તંત્રીશ્રી,

દરવર્ષેજીલ્લા કલેકટર અને લોકમેળા સમિતિના આયોજકો દ્વારા રેસકોર્ષ મેદાન ખાતે જન્માષ્ટમીના તહેવાર સંદર્ભે પાંચ દિવસ માટે લાકમેળાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ હાલના વર્ષે વરસાદના અભાવે લોકમેળાનું આયોજન રદ કરવું જોઇએ તેમ લોકો ઇચ્છી રહ્ના છે.

આ અંગે માહિતી વિગત સાથે જણાવવાનું કે, આ વર્ષે વરસાદ પાછો ખેચાઇ જતાં પાણીની ગંભીર સમસ્યા સર્જાઇ છે. લોકોને પીવાનું પાણી માંડ માંડ મળે છે અશુધ્ધ પાણીના લીધે ઠેર ઠેર રોગચાળો ફેલાયો છે. આ ઉપરાંત કોર્પોરેશન દ્વારા એકાંતરે પાણી વિતરણ સબબ લોકોને પાણી વેચાતું લેવું પડે છે. ગરીબ-મધ્યમ વર્ગની મહિલાઓને અન્ય ઘરકામ છોડીને પાણી મેળવવા પાછળ ભારે હાલાકી ભોગવવી પડે છે જો કે નજીકના દિવસોમાં વરસાદ ન આવે તો કોર્પોરેશન પાણી વિતરણમાં વધુ કાપ મુકે તેવી શકયતા છે.

હાલના વર્ષે વિજળી અને પાણીની કટોકટીના લીધે ઉદ્યોગ ક્ષેત્રને માઠી અસર પડી છે. શહેરમાં વેપાર-ધંધામાં મંદીના માહોલ છવાયા છે. આવા સંજોગોમાં આ વર્ષે જીલ્લા કલેકટર અને લોક સમિતિના આયોજકો વરસાદના અભાવે લોકમેળાનું આયોજન કરે તે કેટલા અંશે યોગ્ય કહેવાય?

અત્રે નોંધનીય છે કે, સત્તાવાર તંત્રને લોકમેળાના આયોજન બદલે હાલના વર્ષે જન્માષ્ટમીના શુભદિને રેસકોર્ષ મેદાન ખાતે કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી સહિત સારા વરસાદ માટે સામુહિક -ાર્થના સભાનો કાર્યક્રમ યોજાવો જોઇએ.

- કિશોરભાઇ છતલાણી (રાજકોટ)

## મુકિતધામોમાં ડેકોરેશન ભદ્ર સમાજની વિકૃતિ....

તંત્રીશ્રી,

મનુષ્યનું અંતિમ સ્ટેશન તે મુકિતધામ છે. આ ભૂમિએ માનવ જીવનનો અંતિમ વિસામો છે. સમાજનો દ્રોહ કરી કઇંક કાવા દાવા કરી ઉપદ્રવ મચાવનાર ભલભલા ભડભાદરો પણ અહી આવી શાંત બની જાય છે. અંતિમ ક્રિયાની આ ભૂમિમાં જાતજાતને ભાતભાતના નુસખા કરવાની આજે ફેશન બની જામી છે. આજના સમયમાં મુકિતધામોમાં થઇ રહેલુ ડેકોરેશન એ ભદ્ર સમાજની ભયાનક વિકૃતિ ગણી શકાય. આવા ડેકોરેશનના પરિણામ સ્વરૂપે મોતનો મલાજો જળવાતો નથી, લાશનું અપમાન પણ થાય છે.

ઉપરોકત વાતના સ્પષ્ટીકરણ માટે રાજકોટના સંબંધી દ્વારા જાણવા મળેલ બે કિસ્સા વિશે વિચારશીલ માણસોએ જરૂર વિચારવું જોઇએ. કિસ્સા નંબર એકમાં તે સંબંધીને એક ડેકોરેશનવાળા સ્મશાનમાં અંતિમયાત્રમાં જવાનું થયું .દાખલ થતા જ લાશના નજીકના સગાઓ સિવાયના બધા મુકિતધામનો 'શણગાર'જોવામાં મશગુલ બની ગયા. લાશ કયાય સુધી રઝળતી રહી. કિસ્સા નંબર બે મુજબ આવા જ એક ડેકોરેશનવાળા સ્મશાનમાં અંતિમ ક્રિયામાં ગયા, ને મુકિતધામમાં દાખલ થતાં જ વરવા દ્રશ્યો જોવા મળ્યા. અંદર કોલેજીયન યુવક-યુવતીઓ -ણયમાં લીન બની બિભત્સ ચેષ્ટાઓ કરતાં! કોલેજીયનોને આવુ અવાવરૂ-એકાંત બીજે કયાંય મળત? આવો માહોલ જોઇ ડાઘુઓ ક્ષોભના માર્યા હરમાઇ ગયા અને લાશની મર્યાદા આમન્યા બધુ અલોપ થઇ ગયું!

ઉપરોકત બે કિસ્સાઓ વિશે વિચારવાથી સહેજે લાગે કે મુકિતધામોમાં ડેકોરેશનની કોઇ જરૂર નથી. સ્મશાનો પરંપરાથી જે સાદી ભૂમિ રૂપે હતા તેવાજ રહેવા દો. વિકૃતિની પણ હદ હોય કે નહિ! મુકિતધામોને રૂપાળા કરવાનો સિનારિયો ગુજરાતમાં જામનગરથી શરૂ થઇને વાયા જૂનાગઢ, રાજકોટ, મોરબી, ગાંધીનગર અને બોટાદ થઇને કંઇક જગ્યાએ ઝેરી મલેરિયાની જેમ -સર્યો છે. આવું કરનારા મીડીયામાં ફલાણાં-ઢીકણાં શહેરનું 'સ્વર્ગસમું મુકિતધામ' જેવા શબ્દ -યોગ કરી -ચાર કરે છે. મુકિતધામ એ મુકિતધામ જ છે. તેને સ્વર્ગસમું ગણાવવાથી પણ ત્યાં કોઇને પરિવાર સાથે રહેવા જવાનું મન થતું નથી. આવું કહેનારાઓએ કુંટુંબ સાથે કાયમી ત્યાં નિવાસ કરી સમાજમાં દાખલો બેસાડવો જોઇએ. મુકિતધામોમાં હવે તો વિવિધ દેવી-દેવતાઓના મંદિરો બનવાની પણ હોડ જાગી છે. મુકિતધામોનો દેવાધિદેવ મહાદેવ એકે હજારો છે તે જગ્યાએ બીજા મંદિરોની શી જરૂર છે? આ વિકૃતિ આગળ વધીને હવે તો ત્યાં ધાર્મિક પુસ્તકાલયો વાંચનાલયો બનાવવા સુધી પહોંચે છે. કારણ અપાય છે કે મૃતકના સગાઓ લાશનું દહન થાય ત્યાં સુધી ધાર્મિક વાંચન કરી હળવા થઇ શકે! આમને કોણ સમજાવે કે જેમના સ્વજનોનું અવસાન થયું હોય, ચિત્તા સળગતી હોય ત્યારે તેનું મન વાંચવામાં ચોટે? જીંદગીમાં હાડહાડ થતો એ માનવી ભૂમિ પર બે ઘડી પણ નવરો બની મૌન ન રહી શકે? બાકી તો સ્મશાનમાં અંતિમ ક્રિયા વખતે પણ મોબાઇલની રીંગટોન સેટ કરી વાતુના ફડાકા દેનાદા પડયા છે.તેટલા વ્યસ્ત શું વાંચવા બેસશે ? મુકિતધામમાં થતું ડેકોરેશન માત્ર ને માત્ર વિકૃતી છે, નાણાનો બગાડ છે આવો શણગાર કરનારાઓના ઇરાદા શુદ્ધ છે, પરંતુ દ્રષ્ટિ જરૂર ભ્રમ છે. નાણા કે દાનનો આવો બગાડ કરવા કરતાં તે પૈસો જાહેર બાગ-બગીચા બનાવવા-સુધારવા, બાળકો, વૃધ્ધો, મહિલાઓની જાહેર સુવિધા અને સુખાકારી વધારવા તથા ગરીબોની સ્થિતી સુધરે તેવા માનવલક્ષી કાર્યોમાં વાપરવો જોઇએ.

- રત્નાકર નાંગર (બોટાદ)

## મોકળુ મેદાન...ઉઠાવો કલમ

-િય વાચક મિત્રો,

''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે -કાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, -શ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો -સિદ્ધ કરવામાં આવે છે. આપના અભિ-ાય, -શ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ

: સરનામૂ :
અકિલા દૈનિક
મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ

## ચાલો સાક્ષરતાનું -માણ વધારીએ

તંત્રીશ્રી,

ભારતની સીતેર ટકા વસ્તી ગામડામાં વસે છે ઉપરાંત શહેરમાં રહેતા લોકોમાંથી પણ વીશ ટકાથી વધુ ગરીબ લોકો પણ વિવિધકારણોસર અભ્યાસથી વંચિત રહે છે, પરિણામે અનેકવિધ સામાજીક સમસ્યાઓ નિર્માણ પામે છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં શાળાઓનું સત્ર શરૂ થતા પૂર્વે આવા ગરીબ - અભણ અને નિરક્ષર વાલીઓના બાળકો માટે શાળા -વેશોત્સવ દ્વારા ઝુંબેશ ઉપાડી -યાસ કરવામાં આવે છે. ઉપરાંત શિષ્યવૃત્તિ, ગણવેશ, મફત પુસ્તકો, આરોગ્ય ચકાસણી, મધ્યાહન ભોજન દ્વારા ગુજરાતનો આવતા વર્ષમાં વિકા થાય અને નિરક્ષરોનું -માણ ઘટે તે માટે દરેક સંતોના વાલીઓએ વિચારવું રહ્નું.... બાળકો ભણશે તો જ આપણું ભવિષ્ય ઉજ્જવળ બનશે.

- વિભૂતિ ટાંક (રાજકોટ)

## સાંસદો, થાય તો આટલું કરજો...

તંત્રીશ્રી,

૧૫મી લોકસભાના નવા ચુંટાયેલા કરોડપતિ સાંસદો પાસે ભારતની ગરીબ અને મધ્યમવર્ગની -જાની આકાંક્ષા અને અપેક્ષાઓ.

ભારતની -જાની લાગણી અને -ેમથી ચુંટાયેલા કરોડપતિ સાંસદો તેઓને મળતા પગાર ભથ્થા અને અન્ય વૈભવશાળી સુવિધાઓને દેશની ગરીબ અને મધ્યમ વર્ગની સુખાકારી અને હિતો માટે સ્વેચ્છાએ અસ્વીકાર કરી, કરોડો રૂપિયાની જંગી રકમ આદિવાસી અને પછાત વિસ્તારની -જાના વિકાસમાં ઉપયોગ કરી -જા વાત્સલયતા દર્શાવી જૂનાગઢનાં માનનીય ધારાસભ્ય મહેન્દ્રભાઇ મશરૂનું અનુકરણ કરે.

કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવતો મોંઘવારીનો આંક માઇનસ દર્શાવવામાં આવે છે અને ૧૯૭૭ના મોંઘવારી આંક સાથે સરખાવવામાં હોવાનો દાવામાં -જાને ગોલમાલ હોવાની શંકા -ેરક છે, ગરીબ અને સામાન્ય -જાને ખાદ્ય પદાર્થો, તેલ, કઠોળ અને શાકભાજીના ભાવોમાં ૫૦% ભાવ વધારે આપવા પડે છે. મોંઘવારીમાં પીસાતી -જા પોતાનું બજેટ પૂરૂં કરી શકતી નથી ત્યારે સરકારશ્રીનો મોંઘવારી આંક ભ્રામક અને ગેરમાર્ગે દોરવાના -યત્નો સમાન ભાગે છે.

ગુજરાત સરકારશ્રી ગુજકોક કાયદો કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરવામાં આવતો નથી તેની સમીક્ષા કરી -દેશિક સરકારોને સહકાર આપી લાગણી અને માંગણી સાથે -જાની સલામતી અને નિર્ભયતા બક્ષવામાં ચીસવાદ અને આતંકવાદ સામે સુરક્ષા -દાન થાય તે ઇચ્છવા યોગ્ય છે.

છેલ્લા લાંબા સમયથી ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થામાં શીથીલતા આવેલ છે. ખૂન, લૂંટ, અપહરણ, મહિલા ઉપર થતા સામુહીક બળાત્કારો, ઠગાઇ વિગેરેનાં વધતા જતાં બનાવોને નાથવા રાજ્ય સરકારે કડક હાથે ડામી દેવા જેતે ખાતાઓને અને અધિકારીઓને વધુ સત્તા આપી નક્કર કરવાની માંગણી ગુજરાતની -જા અપેક્ષા રાખે છે. પોતાના જ -દેશમાં -જા ભયના ઓથારમાં જીવતી હોય ત્યારે રાજ્ય સરકારશ્રીએ -દેશની -જાને નિર્ભયતા અને સલામતી આપવામાં -ધાન્ય આપવું જરૂરી છે.

- જે.વી.ઠકરાર (પોરબંદર)

## લેખો માહિતી-દ હોય છે...

તંત્રીશ્રી,

વંદેમાતરમ સહ લખવાનું કે સાંધ્ય દૈનિક 'અકિલા'માં અવાર-નવાર જે લેખો લખી રહ્ના છો તે -ેરણાદાયી છે. ડો. શ્યામા-સાદ મુખરજીના નિર્વાણદિને રાષ્ટ્રની એકતા, અખંડિતતા, હિન્દુ સ્વાભિમાનને જીવંત રાખવા અંગે જે લેખ લખેલ છે તે -શંસનીય અભિનંદનને પાત્ર અને માહિતી-દ છે.

મને ખ્યાલ છે ત્યાં સુધી તેઓ જવાહરલાલ નહેરૂના -ધાનમંડળમાં -ધાન પણ હતા અને તેમાંથી ઉપરોકત કારણોસર જ તેઓએ રાજીનામુ આપેલ અને કાશ્મીરમાં જવા માટે વિશા પધ્ધતિ હતી તેનો વિરોધ કરીને કાશ્મીર ગયેલ જ્યાં તેને કારાવાસમાં પુરવામાં આવેલ અને તેમનો દેહાંત થયેલ. આ હકીકત લખી હોત તો વધારે પૂર્તતા રહેત.

જે.વી.ઠક્કર (મોરબી)

## ધર્મના નામે અધર્મના ધંધા

તંત્રીશ્રી,

આજે કેટલીક જગ્યાઓમાં ધર્મના નામે અધર્મના ધંધા ધમધોકાર ચાલી રહ્ના છે. આજે કેટલાક લંપટ, કપટ, લીલા વગેરે કરતા ભરતા કેટલાક ભગવાધારીઓ પોતાના મોજશોખ, ભપકો, ધમાલ અને આનંદ મંગલ માટે કંઇ પણ કરતા અચકાતા નથી કે નથી પોતાના ભગવાની લાજ-શરમ રાખતા પોતાની મનમાની દાદાગીરી અને ગુંડાગીરી વધારી રહ્ના છે. આવા કિસ્સાઓ જ્યારે સમાજમાં બહાર આવે છે. (છાપાઓમાં ચમકે છે) ત્યારે લાખો શ્રધ્ધાળુઓની શ્રધ્ધા આવા સાધુ-સંતો ઉપરથી ડગી જાય છે. લોકો જે સાધુ-સંતો પર આસ્થા રાખે છે. ભાવિકોની ઉદાર ભાવના તથા આવા ભગવાધારીઓના ચરણોમાં કે ટ્રસ્ટો કે સંસ્થામાં આપવામાં આવતા અઢળક ધનનો કેવો દુરૂપયોગ થાય છે તે જોવાની કે જાણવાની આપણી પાસે ફુરસદ નથી જે દુ:ખદ બાબત છે.

જાગો જૈનો જાગો... સત્ય કહેવું જ પડશે. જે વ્યક્તિ સાધુ થવાને લાયક નથી તેનો તો નમતા જ નહી આજે કેટલાક સાધુ - સાધ્વી તો બોલતા જ રહે છે, તેમને એમ જ છે કે લોકોને લલચાવી ધર્મના નામે જૂઠા વચનો આપવામાં કશું ખોટું નથી. આજે સાધુ-સાધ્વી પોતાના -ોજેકટો પૂરા કરવા જોર-શોરથી -ચાર કરી રહ્ના છે. ધર્મના નામે એટલો વરસાદ વરસાવે છે કે લોકોના કાન આમળતા નથી. ધર્મના નામે કરાયેલી વાતો કે વાયદા કરનારા પાસે આપણે લેખિત ખાત્રી ન માંગવી જોઇએ ? આજે ધર્મના નામે કરાયેલી વાતો અને બાબતોનો પાછળથી કેજી રીતે ઉપયોગ થાય છે ? આજે સાધુ-સાધ્વી દ્વારા ભવ્યાતિભવ્યના નવા ક્રેઝમાં સમાજનું ધન વેડફાઇ રહ્નું છે. જવાબદાર કોણ ? ખુરશીનો મોહ રાખનારા જોઇએ કે ખુરશી માટે કાવાદાવા કરનારા જોઇએ છે ? આજે કેટલાક સાધુ-સાધ્વી સહિતના લોકો પોતાની -સિધ્ધી (દાદાગીરી) સમાજમાં વધે તે માટે સતત પરિશ્રમ કરી રહ્ના છે. ધર્મના -ચાર કરતાં પોતાના જ -ચાર વધુ કરી રહ્ના છે. એમને જે કરવું હોય બિન્દાસ્ત રીતે કરી રહ્ના છે. પોતાની મનમાની સ્વતંત્રતાથી કરી રહ્ના છે અને સમાજના સમજદાર ગણી શકાય તેવા કેટલાક લોકો બધુ સ્વાર્થી અને નિષ્ક્રીય બનીને જોઇ રહ્ના છે. પરિણામે આજે નૈતિકતા ખાડે જઇ રહી છે. ધર્મના નામે ધજાગરા સરાજાહેર થઇ રહ્ના છે. જવાબદાર કોણ ? આજે જૈન સમાજને જાગૃત થવાની તાતી જરૂરીયાત છે. કહેવાય છે કે જૈન સાધુ-સાધ્વી ત્યાગમાં અન્યોની અપેક્ષાએ ચઢીયાતા હોય છે. એમાં કોઇ શક નથી પરંતુ જે બદનામ થયેલા છે તેઓ આજે દરેક ક્ષેત્રમાં અર્થના જોરે અનર્થ આચરવામાં કોઇ સીમા રાખી નથી. વિવાદ - વિસંગતિનો વ્યાપ દિન--તિદિન વધતો જાય છે. જૈન ધર્મના જૈન શાસનના મૂળભૂત સિધ્ધાંતો ડગી રહ્ના છે. આજે તો સમાજમાં ધાર્મિક સજ્જનો ઓછા થઇ રહ્ના છે. આજે દરેક ભાવિકોએ જાગૃત બની પાપ કે પુણ્યની લાલચથી લલચાયા વગર તેમનું શુભ કાર્ય કરવું જોઇએ. તો જ ભવિષ્યમાં જૈન શાસનનો અને જૈન ધર્મને ગૌરવવંતુ રાખી શકીશું.

- બી.બી.મહેતા (રાજકોટ)

## એક મોબાઇલ ફોનની આત્મકથા

# સાધુના હાથમાં માળાના સ્થાને મોબાઇલ !

તંત્રીશ્રી,

મને ખ્યાલ પણ ન હતો કે ગ્રેહામ બેલે ફોનની શોધ કરીને દુનિયાને એક છેડેથી બીજા છેડે નજદીક લાવી દીધી મને મારા દાદા કહેતા કે ટેલીફોનની શોધથી વિશ્વમાં ગજબની ક્રાંતિ આવી ગઇ હતી... ત્યારે તો હું મારા માના પેટમાં હતો. લોકો મારા વડવાઓનાં શરીરે ગોળ ટેલીફોનના ચકરડામાં ૧ થી ૦ નંબર ફેરવીને વાત કરતા તેવું કહેતા અને મારો મોબાઇલ ફોનના સ્વરૂપે જ્યારે જન્મ થયો ત્યારે લોકો મને આર્શ્ચયતાથી જોતા... ઘણાં મારા શરીરે એકથી દશ આંકડા દબાવતા ત્યારે મને બહુ ગલગલીયા થતા અને તેમાં પણ કુમારીકાઓ કે પરણિત સ્ત્રીઓ -ેમથી આવું કરે ત્યારે હું ખુબ જ શરમાઇ જતો... સાચે જ મને તે રાતે નિંદર જ નથી આવતી ! તો વળી આવી સ્ત્રીઓ પોતાના -િય પાત્ર સાથે લાંબી લાંબી વાતો કરતી ત્યારે મારૂં શરીર ખુબ જ ગરમ ગરમ થઇ જતું અને તેમાં પણ ખુબ જ -ેમભરી વાતો થતી ત્યારે તો... મને રીતસરની કીશ જ કરી દેતી.. સાચે જ આ વાત હું મારા મિત્રોને કહી જ નો'તો શકતો.



તો વળી નાના નાના બાળકો પણ મને -ેમથી પોતાના ખીસ્સામાં રાખતા થયા. મિત્રને મારા મારફત કહેતા કે આજે શેનું લેશન આપેલું છે, આજે ક્યાં ફરવા જવાનું છે, આજે ક્યું પીકચર જોવું વિગેરે વિગેરે અને કિશોર-કિશોરી વયનાં પાત્રો તો મને તેમના હાથથી અળગો જ ન કરે, બે-બે મિનિટે પોતાની બેનપણી કે ભાઇપણી'ને મારા મારફત -ેમનો સંદેશો વહાવતા, ગીતો ગાતા અને રીંગટોનથી ધુનો સાંભળીને ઉત્તેજીત થઇ જતા, સાથે મને પણ ખુબ જ ઉત્તેજીત કરી દેતા કોલેજીયન યુવાનો-યુવતીઓ પણ મારે બધાથી વધુમાં વધુ ઉપયોગ કરતા, નવરા પડે ને મારા મારફત -ેમના ફાગ ખેલતા જય હો... જય હો... અને ક્યારેક તો વળી ડીસ્કો સાંભળતા સાંભળતા... મને હાથમાં રમાડતા રમાડતા... નાચવા માંડે, ઘણીવાર આવા યુવાનો પોતાના ઘરના વડીલોને પોતાના -િય પાત્રો સાથે વાત કરતા ખબર ન પડે તે રીતે મને વાઇબ્રંટ મોડમાં રાખી દેતા સાચે જ ત્યારે મને ખુબ ગુદગુદી થતી, સાચે જ ત્યારે મને થતું મારે પણ કોઇ બહેનપણી હોત તો મને પણ આવા અવાજ સાંભળવા મળત !

તો વળી ઘણીવાર મોટી ઉંમરના ભાઇઓ અને બહેનો પણ મારો પુરો ઉપયોગ કરતા, તેઓ યુવાનોના કરતબો જોઇ લાળો પાડયા કરતા અને પોતાના -િય પાત્રોને મળવા થનગનતા અને બધાથી બચવા મીસ્ડ કોલ કરી કરીને મારા શરીરને વારે વારે હાથ ફેરવતા, હું તો આવા -ૌઢ લોકોના સ્પર્શથી પણ ઘણીવાર ઉન્માદિત થઇ જતો ? મારા ઉપયોગ તો બધી જ કેટેગરીવાળા અસંખ્ય લોકો પુરેપુરો એકદમ કરતા, વારે વારે પોતાના સુંવાળા પોકેટમાંથી કાઢીને મને રાજકોટથી લંડન, રાજકોટથી મુંબઇ, રાજકોટથી અમેરિકા અને કેટકેટલા ઠેકાણે કાવા નાખતા તો વળી દુર દુરના ઠેકાણે અને ગામડા ગામથી લઇ આદિવાસીઓના કુબાઓમાંથી પણ -ેમનો સંદેશો રાજકોટના તેમના -િય સુધી કે વેપારીઓ સુધી લઇ આવતા. આવા લોકોનું ક્યારેક સારૂં કામ થતું કે શેરબજારનો આંક આખલાની જેમ ઉપર જતો ત્યારે મને ઉછાળી ઉછાળીને વ્હાલ કરતા સાથે જ ત્યારે મને આવા લોકોને સુખી થતાંજોઇ આનંદ, આનંદ થઇ જતો અને ઘણીવાર એકબીજા લોકોનો શેર તળીયે જતા... કોઇ ગુજરી જતું કે કોઇને રીયલ માર્કેટમાં ખોટ જતી ત્યારે તેઓની સાથે હું પણ આંસુ સારી લેતો મને પણ આવા સમયે ગમતું નહીં.

ઘણી વખત માફીયા લોકો મારો બેરહેમીથી ઉપયોગ કરતા ત્યારે મને પણ એમ થઇ જતું કે મારે હવે જીવવું નથી. પોલીસ દાદા પણ મારા મારફત ઘણાંને ધમકાવતા કે વકીલદાદા પણ અસીલની પાસે ઉંચી ફીની કે ડોકટર દાદા પણ એટેક આવેલા લોકો સાથે પૈસાના સેટીંગ કરતા ત્યારે તો મને સાચે જ આપઘાત કરવાનો વિચાર આવી જતો.

એક વખત એક બુઢ્ઢા દાદા તેમનો પૌત્ર પરીક્ષામાં પાસ થયો ત્યારે એમના આંખમાંથી ગરમ ગરમ હેતના આંસુ આવેલા ત્યારે હું પણ ગદ્ગદીત થઇ ગયેલો. વડીલોનો -ેમ મને માણવા મળેલો.

એક વખત એક જાદુગરે તો કમાલ કરી તેના શોમાં ઘણાં બધા લોકોની હાજરીમાં મને તો ચકલી બનાવી દીધેલ અને એક શોમાં તો મને ઐશ્વર્યા રાય બનાવી દીધેલ... બહુ જ મજા આવેલી.

મને ભારતના સાધુ સંતો ઉપર પહેલેથી જ ખુબ માન કારણ કે મારા વડદાદાઓ કહેતા કે આ સંતો અમારા ડાયલવાળા ફોનથી ઘણાં લોકોને જ્ઞાન આપતા અને ઘણાંના જીવન સુધારી દેતા તેઓ બોલતા તે બધું અમારા શરીરમાંથી જ પસાર થતું અને તે બધું જ સાચું પડતું ત્યારે અમે અમારૂં જીવન ધન્ય બની ગયું છે તેવું અનુભવતા... અમે ડાયલફોન કૃતાર્થ થઇ જતા. તેઓ કહેતા એક સાધુ મહાત્માના ફોન પરનાં આશિર્વાદથી હજારો લોકો નિર્વ્યસની થઇ ચોરી ન કરવી... પાપ ન કરવુ વટલવું નહી અને વટલાવું નહિ અને શિક્ષાપત્રી-ગીતા-ભાગવતના સાર -માણે જીવવા સપથ લીધેલા અને ઘણાતો આવા પાપાચારમુકત થઇને આપઘાત કરવાના હતા તે ન કરવાના માત્મા પાસે નિયમ ફોનમાં લીધા ત્યારે તો આ સાંભળીને મારો જન્મારો સફળ થઇ ગયો તેવું લાગ્યું હતું. મને પણ થઇ ગયું જય હો,,,,, જય હો,,,, ! આવો લાભ તો મને પણ મળશે?

પણ હદ તો હવે થઇ મારો જન્મ થતા જ નવા નવા યુવાન સાધુ માત્માઓ મને હાથમાં માળાના ઠેકાણે રાખી સંસારીઓની માફક ઉપયોગ કરવા માંડયા.. મીશ કોલ્સ કરવા માંડયા.. ગીતો સાંભળવા માંડયા અરે ઘણા બધા તો મારામા રહેલી ધણી બધી ગેમ્સ રમતો રમી રમી ને પોતે સાધુ નથી તેવું કરવા લાગ્યા. મને થતું કે આ સાધુના હાથમાં તો કમંડળ શોભે... મૃગચર્મ શોભે અને આજે એ બધાને ત્યાગી મોબાઇલરૂપી મારામાં મોહાયા અને મને તો એક સેકંડ પણ અળગો કરે જ નહિ ને! બહુ મોટા ભૌતિકવાદી ખરા ને?

એક મહાત્મા તો ગીરનારમાં રહેલા સાધ્વીજીઓ સાથે ધર્મનો ઉપદેશને બદલે લવસ્ટોરીના ગીત ગાવા લાગ્યા ત્યારે હું તો બે ઘડી દંગ રહી ગયો અને પેલા સંસારી ભકતાણી તો બકીઓ ભરી ભરીને પેલા માત્મા ઉપર -ેમ વરસાવતા હતા. અને હદ તો ત્યારે થઇ કે ડીસી (દિલચોર) મહારાજે એક વખત પેલી સંસારી ભકતાણીને લઇને ઘર માંડી દીધું. આ બધુ મારા મોબાઇલના -તાપે થતા હું પણ કોઇને મોં બતાવવા લાયક જ નથી રહ્નો. કહે છે કે પેલા સાધુબાવાને તો આ જ બાળકો છે અને તે પણ મારા પર હાથ અજમાવવા લાગ્યા છે.

ખેર આવું બધું તો સંસારમાં ચાલતું રહેવાનું. સાધુ બાધુ તો ઠીક પેલા સફેદ ઝભ્ભા લેંઘા વાળા નેતાઓ મારો બેરહેમીથી ઉપયોગ કરે છે. અડધી કલાકે મારે ચાર્જ થઇ જવું પડે છે કારણ કે તેમના વગર દેશને કોણ ચલાવે અને તે પણ મારા ઉપયોગ વગર. અચાનક મારા હૃદયમાં ઝણઝણાટી થઇ ને રીંગ ટોન વાગવા માંડયો ભય હો.. ભય હો... અને હું મુર્છિત થઇ ગયો. જયારે હું જાગ્યો ત્યારે મારા મોબાઇલરૂપી શરીરના હૃદયમાંથી જાણે અખો -ગટ થઇને એકવીસમી સદીનો છપ્પો ગાઇ રહ્નો હોય તેવો સ્વર સંભળાઇ રહ્નો હતો.

'હાથમાંથી માળા મુકાણીને
મોબાઇલ ફોન લેવાણા...
તોય કહે છપ્પો
એ તો સાધુ સંત કેવાણા..!'

- દિશ (રાજકોટ)

### આપો જરા

વિંધીને વાદળ અમે ઉડી જાશું,
પંખી આપો જરા સહારો ગગન ચૂમી આવશું.
ફેલાવીને બાહો અમે મરજીવો બની જાશું,
માછલી આપો જરા સહારો મોતી ખોળી આવશું.
મ્હેંકાવી મનને અમે અતર બની જાશું,
પુષ્પો આપો જરા મ્હેક કંટક છોડી આવશું.
છોડી ઉષ્મા અમે શીતળ બની જાશું,
ચાંદામામા આપો જરા ચાંદની રાત બની આવશું.
અંધકારની દુનિયામાં તેજ અમે પથરાવશું,
સૂરજદાદા આપો જરા રોશની દિવસ બની આવશું.
આપની મહેંફિલમાં અમે અમર બની જાશું,
શબ્દો આપો જરા સહારો મોતને પણ રોકી આવશું.

- જીજ્ઞાસા ચંદારાણા (રાજકોટ)

### ડી-હાઇડ્રેશન

લ્યો, આ ડી-હાઇડ્રેશન થયુ,
સમગ્ર સૃષ્ટિનું જમીનનું.
ન કુવામાં પાણી, ન તળાવે,
ખૂટયા ડંકીઓમાં
સૂકી વનરાજી ક્યાં છે સરવાણી !
દધીચીની જેમ, તાપ જ તપીયા,
જીવ સૃષ્ટિ સમસ્ત, પાણી માટે તરસે,
ને, આ તરડાયેલી ધરતી
કહે, ક્યારે મેઘ વરસે
ઘટાટોપ, ઘોર અઘોર
મેઘાડંબર માત્ર આડંબર,
ઇન્દ્રનાં વજ્રનું નિષ્ફળ જવું,
વૃત્રાસુરની જીત.
નવપલ્લવિત ધરતી,
તરસનું છિપાવું, સમગ્ર સૃષ્ટિનું કોળી ઉઠવું
એટલે વાદળનું પાણી બનીને પડવું.
વાત નાની કોઇથી નથી છાની,
પણ નથી કુદરતની મહેરબાની.

- ડો. એન.એમ.મહેતા (રાજકોટ)

### દિકરી

નાનીને જન્મી દિકરી જનેતા થઇ દિકરી,
જનની ને જનમ્યા આપણે જીવી ગઇ દિકરી.
દાદાને ઘરે દિકરી તો ફોઇ થઇ ગઇ દિકરી,
ફુવા શબ્દ સંબોધવા અવસર આપે દિકરી.
સહોદર અવતરી જો બહેન તો પિતાની દિકરી,
તો બનેવી બહેનની ભાણી જન્મી દિકરી.
જનેતાની ભાભી આવી તે પણ કોઇની દિકરી,
મામાને ઘેર મામી પરણી તે પણ કોઇની દિકરી.
ભાઇજીને પરણી આવી ભાભુ કહેવા થઇ દિકરી,
દૈવે લખીને જણી ભાભી એ દિકરી ભત્રીજી પણ દિકરી.
જનેતાની બહેન તે પણ મા જેવી માસી કહેવાય દિકરી,
સગપણ હોય બાપ જેવું માસા બોલાવે છે દિકરી.
કાકા પરણ્યા ને કાકી આવી દાદાના વેવાઇની દિકરી,
દિકરા દિકરી દીધેલા દેવના 'ચેતો' ઘટી ગઇ દિકરી.
શ્વસૂર ગૃહે હોય પાટલા કે સાળી જન્મી હોય દિકરી,
તો જમવામાં લાડુને સગપણે સાઢુ અપાવે દિકરી.
પરણીને જતી સાસરે એ અવસરે ધ્રુસકે રડાવે દિકરી,
'જખ્મી'ને નથી દિકરી તેનો 'ઇલાજ' છે દિકરાની દિકરી.

- પાલા નારણદાસ (રાજકોટ)

### વરૂણદેવને..

હું આશા લઇને આવ્યો વરૂણજી, વ્હેલી વૃષ્ટિ કરાવોને,
આ મનખો બહુ મંઝાયો, વરૂણજી, વ્હેલી વૃષ્ટિ કરાવોને.
વીણ વૃષ્ટિ આ સૃષ્ટિ સારી, અંગારે ધખધખતી,
વેળાસરની વૃષ્ટિ કરીને (૨) ધખતી ધરાને ઠારો
દયા કરીને આજે, -ભુ તૃષાગ્નિને બુઝાવોને.
વીણ વારિ આજે -ભુજી સૌ, માનવમાત્ર મુંઝાયે,
વેળા જો વિતશે -ભુજી તો (૨) વેળા રૂદનની આવે,
આ નયને સુકાયા નીર, તમે વ્હેલી વૃષ્ટિ કરાવોને.
પશુ પક્ષીને માનવી આજે, કૃપા તમારી ઝંખે,
મુરઝાતી મહોલાતો આજે (૨) વૃષ્ટિ તમથી ઝંખે
'પુનીત' વૃષ્ટિ કરી આજ (૨) -ભુ લોથો ઢળવા બચાવોને
મહી નર્મદા સર્વ નદીના, વહેતા નીરને વાળો,
કાળો કેર વરતાવે એવા (૨) મહા દુષ્કાળને ખાળો,
શ્રીકાર વૃષ્ટિથી આજ, -ભુબંધ બધા છલકાવોને
પાયે પડીને વિનવું -ભુજી, વિનંતી અમારી સુણજો,
વેળા વિત્યા, પહેલા -ભુજી (૨) વારિ તમે વરસાવો,
ભક્તો વિનવે આજ, -ભુ હરિયાળી લહેરાવોને

- કે.એલ.ખખ્ખર (રાજકોટ)

### મુક્તક

કળીને ખીલવાનું હોય છે,
કંટકોને ભૂલવાનું હોય છે.
જિંદગી ફૂલ જેવી હોય છે,
ડાળ પર ઝૂલવાનું હોય છે.

- રજનીકાંત ઓઝા (ભુજ)

### આવો રાજા

ઓ વાદળો તમે વરસતાં કેમ નથી ?
ખાલી ખાલીએ તમે ગરજતાં કેમ નથી ?
વરસાદની રાહ જોતાં નયનો આતુર,
વાદળાઓ ક્યારે વરસશો તમે ભરપુર,
વાદળા બંધાયા અને સૂરજ ઢંકાયો,
લાગે વરસાદનો મોંઘો મોલ બંધાયો,
વરસાદ પણ કેવો થઇ ગયો
જાણે એ પણ નેતા બની ગયો !
ખોટો આડંબર રચી જન્માવે આશ,
આવશે ત્યારે સઘળે હૈયે થશે હાશ,
લાગે છે ફૂંકાતા પવનો એને નડી રહ્ના,
સૌમિત વરસાદની રાહમાં લોકહૃદય રડી રહ્નાં...

- સૌમિત પરમાર

### વર્ષા રાણી રીસાણી

કણ-કણ ધરાનો કરે તને યાદ
વર્ષારાણી કરે છે સૌ તારી જ ફરીયાદ
ઓણ શીદને અચાનક તું રીસાણી,
અમથે - અમથી અમ પર તૂં રીસાણી.
અમે તો તને દિલથી ખૂબ વખાણી,
કિન્તુ રીસની ભેખડે જઇ તૂં ભરાણી.
ખેતરોમાં સોંપાયેલા બીયા જૂવે તારી વાટ
વેરાન સીમને ચડયો છે એકલતાનો કાટ
ખેડૂએ લંબાવી રહી છે. હાલની ખાટ
સુકાઇને પડયા છે વેરાન નદીના ઘાટ
ડેમ-તળાવોમાં સુકાઇ ગયા છે
પાણી વાકશૂરા અમ નેતાઓની કરમાણી છે વાણી
ઘેર-ઘેર થાય છે રોજ પાણીની ઘાણી
પોકારે છે ત્રાહિમામ બધી રસોડાની રાણી
પંખીઓના ટહૂકામાંથી ટપકે છે તરસ
એલી, પાષાણહૃદયથી હવે તૂં વરસ
વરસીને ધોધમાર કરી દે સઘળું તૂ સરસ
રીસાઇને બગાડીશ નહીં અમારૂં તૂં વરસ.

- રાજન સુરૂ (રાજકોટ)

**કેન્દ્રિય બજેટ એક લીટીમાં : રોટલા મોંઘા, ટીવી સસ્તા... એલ.સી.ડી.નું શાક બનાવીને પચાવતા શીખી જાવ તો લીલાલહેર !**